અપીલ અરજી નં.૨૭૯ તા .૨૦–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર: – શ્રી મહેન્દ્રસિંહ એ બ્રહમભટ્ટ
સામાવાળા:– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

ફરીયાદની હકીકત:–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ બ્રહમભટ્ટની તા. ૨૦–૮–૧૧ની અરજીથી આપની કચેરી ધ્વારા ગેરકાયદેસર બાંધકામો દુર કરવા અગાઉ ૪૩ જેટલી કારણદર્શક નોટીસો આપવામાં આવેલ છે જેની વિગતો આ મુજબ છે ,નોટીસો(૧) નં. ૫૦૭૯ તા. ૩૦–૧૧–૦૯, (૨)૫૩૩૦ તા. ૯–૧૨–૦૯, (૩) ૭૨૪ તા. ૭–૫–૧૦, (૪) ૧૯૫૬ તા. ૧૫–૭–૧૦, (૫) ૧૬૦૧/૧ તા. ૧–૭–૧૦ ,(૬) ૧૬૬૦/૧ તા.૧–૭–૧૦, (૭) ૧૯૬૦ તા. ૧૫–૭–૧૦, (૮) ૨૮૧૭ તા.૨૬–૮–૧૦, (૯)૭૧૩૭ તા.૨૫–૩–૧૧(૧૦) ૮૩૯ તા.૧૪–૫–૧૦, વિ.(૧) થી (૪૩) નોટીસો પાઠવ્યા બાદ જે જે બાંધકામો આપના ધ્વારા દુર કરવામાં આવ્યા હોય તેની માહિતી , તેમાં બાંધકામધારકે સ્વેચ્છાએ દુર કર્યા હોય તેની માહિતી, આપ ધ્વારા દુર કરવામાં આવેલ બાંધકામો તથા વસુલ કરેલ ચાર્જની માહિતી , જે જે બાંધકામો દુર થયેલ નથી કે આપના ધ્વારા દુર કરવામાં આવેલ નથી તેમજ આ નોટીસો આપ્યા બાદ આજ દિન સુધી કોઈ કાર્યવાહી થયેલ નથી, જે બાબતે જેની જવાબદારી ટકાવારીમાં જેમ કે, ઝોનલચીફ, કાર્યપાલક ઈજનેર, ડે.ઈજનેર, આસી.ઈજનેર, જુની.ઈજનેર વગેરેની જેટલી જવાબદારી થતી હોય તેટલી ટકાવારી અને નામ, હોદ્દા સહિતની સંપૂર્ણ માહિતી , આ બાંધકામોમાં કોઈપણ રાજકીયનેતા, મંત્રી, સાંસદ, ધારાસભ્ય,કોર્પોરેટર તેમજ આપના વિભાગના કોઈપણ અધિકારીઓ ધ્વારા કોઈ બાંધકામો દુર નહિ કરવા બાબતે હોદ્દાની વગથી દબાણ કરવામાં આવ્યું હોય અને આજસુધી અડીખમ હોય તેવા દબાણો સહિતની વિગતવાર સંપૂર્ણ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૦–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૭૯/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ બ્રહમભટ્ટની તા. ૨૦–૮–૧૧ની અરજીથી આપની કચેરી ધ્વારા ગેરકાયદેસર બાંધકામો દુર કરવા અગાઉ ૪૩ જેટલી કારણદર્શક નોટીસો આપવામાં આવેલ છે જેની વિગતો આ મુજબ છે ,નોટીસો(૧) નં. ૫૦૭૯ તા. ૩૦–૧૧–૦૯, (૨)૫૩૩૦ તા. ૯–૧૨–૦૯, (૩) ૭૨૪ તા. ૭–૫–૧૦, (૪) ૧૯૫૬ તા. ૧૫–૭–૧૦, (૫) ૧૬૦૧ / ૧ તા. ૧–૭–૧૦ ,(૬) ૧૬૬૦/૧ તા.૧–૭–૧૦, (૭) ૧૯૬૦ તા. ૧૫–૭–૧૦, (૮) ૨૮૧૭ તા.૨૬–૮–૧૦, (૯)૭૧૩૭ તા.૨૫–૩–૧૧(૧૦) ૮૩૯ તા.૧૪–૫–૧૦, વિ.(૧) થી (૪૩) નોટીસો પાઠવ્યા બાદ જે જે બાંધકામો આપના ધ્વારા દુર કરવામાં આવ્યા હોય તેની માહિતી , તેમાં બાંધકામધારકે સ્વેચ્છાએ દુર કર્યા હોય તેની માહિતી, આપ ધ્વારા દુર કરવામાં આવેલ બાંધકામો તથા વસુલ કરેલ ચાર્જની માહિતી , જે જે બાંધકામો દુર થયેલ નથી કે આપના ધ્વારા દુર કરવામાં આવેલ નથી તેમજ આ નોટીસો આપ્યા બાદ આજ દિન સુધી કોઈ કાર્યવાહી થયેલ નથી, જે બાબતે જેની જવાબદારી ટકાવારીમાં જેમ કે, ઝોનલચીફ, કાર્યપાલક ઈજનેર, ડે.ઈજનેર, આસી.ઈજનેર, જુની.ઈજનેર વગેરેની જેટલી જવાબદારી થતી હોય તેટલી ટકાવારી અને નામ, હોદ્દા સહિતની સંપૂર્ણ માહિતી , આ બાંધકામોમાં કોઈપણ રાજકીયનેતા, મંત્રી, સાંસદ, ધારાસભ્ય,કોર્પોરેટર તેમજ આપના વિભાગના કોઈપણ અધિકારીઓ ધ્વારા કોઈ બાંધકામો દુર નહિ કરવા બાબતે હોદ્દાની વગથી દબાણ કરવામાં આવ્યું હોય અને આજસુધી અડીખમ હોય તેવા દબાણો સહિતની વિગતવાર સંપૂર્ણ માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ના પત્ર નં.સા.ઝોન/ટેક/૩૮૨ તા. ૧૬–૯–૧૧ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૦– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા અરજદારની રજુઆત અન્વયે નોટીસો પશ્ચાત થયેલ–નહીં થયેલ કાર્યવાહીની દફતરી હકીકત તથા જવાબદાર અધિકારી–કર્મચારીની વિગત મોકલવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૮૫૩ તા.૩૦–૯–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)તથા અરજદારને ૪૩ પૈકી કઈ માહિતી મળેલ નથી તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી પૂરક પત્રમાં જ પૂર્તતા કરતો તા.૧૫–૧૦–૧૧ નો પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૦–૮–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ.

સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૮૫૧ તા.૨૩–૮–૧૧ થી નિયત સમય અવધિમાં કાર્યપાલક ઈજનેર ઉધનાઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૩૮૨ તા.૧૬–૯–૧૧ થી નિયત સમય અવધિમાં " ૪૩ નોટીસ પાઠવ્યા બાદ જે જે બાંધકામો દુર કરવામાં આવેલ છે તેની તેમજ વસુલ કરેલ ચાર્જની રકમ સહિતની વિગત નીચે મુજબ છે.

| અરજીમાં અનુ નં. | નોટીસ નંબર | કરેલ/ન કરેલ કાર્યવાહીની વિગત | વહીવટી ચાર્જ |
|---|---|---|---|
| ૦૯ | ૭૧૩૭<br>૨૫.૩.૦૧૧ | નોટીસ આપ્યા બાદ ડીમોલીશન કરવામાં આવેલ છે. | રૂા.૨૫,૦૦૦/– |
| ૨૯ | ૬૨૧૪<br>૨૧.૧.૨૦૧૦ | એન્ટ્રી નોટીસ આપી બાંધકામ દુર કરવામાં આવેલ છે. | ૫,૦૦૦/– |
| ૩૦ | ૬૫૪૯<br>૬.૨.૨૦૧૦ | એન્ટ્રી નોટીસ આપી બાંધકામ દુર કરવામાં આવેલ છે. | ૨૦,૦૦૦/– |
| ૪૨ | ૩૫૬<br>૧૮.૪.૨૦૧૧ | ગ્રાઉન્ડ ફલોરનું બાંધકામ દુર કરવામાં આવેલ છે. | ૫૦,૦૦૦/– |

જે જે બાંધકામો દુર થયેલ નથી કે દુર કરવામાં આવેલ નથી તેની ટકાવારીમાં જવાબદારી અંગેની વિગતો ઉધનાઝોન કચેરીના રેકર્ડ પર ઉપલબ્ધ ન હોય તેમજ આ બાંધકામો દુર નહીં કરવા બાબતે હોદ્દાની વગથી દબાણ કરવામાં આવ્યું હોય તેની વિગતો પણ ઉધનાઝોન કચેરીના રેકર્ડ પર ઉપલબ્ધ ન હોય આ બાબતેની માહિતી આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળમાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૦–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે ૪૩ નોટીસો અંગેની માહિતી માંગી હોવા છતાં ફકત ચાર નોટીસોની માહિતી આપેલ છે. બાકીની ૩૯ નોટીસોની કાર્યવાહીની માહિતી આપેલ નથી તેમજ મુળ અરજીમાં માંગેલ ઘણા બધા મુદ્દાઓની માહિતી ન આપવાના કારણો તથા અત્રેથી અપીલ તબકકે તા.૧૫–૧૦–૧૧ ના પાઠવેલ પૂર્તતા પત્રમાં પણ તેવી જ રજૂઆત કરેલ છે. તેવા પ્રશ્ન અંગે જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીમાં ૪૩ નોટીસો પાઠવ્યા બાદ જે જે બાંધકામો દુર કરેલ છે તેની તેમજ તેની વસુલ કરેલ ચાર્જની રકમનું પત્રકમાં જણાવ્યા મુજબ માહિતી આપવામાં આવેલ છે બાકીના બાંધકામો અંગે દુર થયેલ નથી. કે દુર કરવામાં આવેલ નથી તેની ટકાવારીમાં જવાબદારી અંગેની વિગતો ઉધનાઝોન કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય તેમજ આ બાંધકામો દુર ન કરવા બાબતે હોદ્દાના વગની દબાણથી કરવામાં આવ્યું હોય તેની વિગતો પણ ઉધનાઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય આ માહિતી આપી શકાય તેમ નથી તેવું જણાવેલ છે. આમ અરજદારના ટકાવારી તેમજ હોદ્દાની વગના દબાણ સહિતના મુદ્દાઓ આવરી લઈને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો લાગત ફાઈલનું ઈન્સ્પેકશન કરી આપેલી માહિતીની ખરાઈકરી શકે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો લાગત ફાઈલનું ઈન્સ્પેકશન આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની ફી લાગુ કિસ્સામાં ભરપાઈ કરીને મેળવવા સ્વતંત્ર છે અને તે ધ્વારા જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તરની ખરાઈ કરી શકે છે. અરજદારની તેવી માંગણી થયેથી જાહેર માહિતી અધિકારીએ ઈન્સ્પેકશન પુરું પાડી થયેલી કાર્યવાહીની અત્રે જાણ કરવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ